સ્વ.સંજયભાઈ ભગવાનદાસ પટેલના સ્મરણાર્થે ટુર્નામેન્ટ યોજાઇ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પોગલુ ખાતે પાટીદાર સમાજ ના યુવાનો માટે શુટીંગ વોલીબોલ ટુર્નામેન્ટ યોજાઇ હતી જેમા વદરાડ ગામ ની ટીમ નો વિજય થયો. પ્રાંતિજ ના પોગલુ ખાતે કાર્યરત ફ્યુચર ઓફ પોગલુ ગુમ તથા ગામ ના યુવાનો દ્વારા સ્વ.સંજયભાઈ ભગવાનદાસ પટેલ ના સ્મરણાર્થે વોલીબોલ ટુર્નામેન્ટ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ સહિત તાલુકા રહેતા શ્રી બાવન ગોળ કડવા પાટીદાર સમાજ ના વિવિધ ગામોમાંથી યુવાનો ની ટીમોએ વોલીબોલ ટુર્નામેન્ટ મા ભાગ લીધો હતો જેમા રનર્સઅપ તરીકે સલાટપુર ગામ ની ટીમ તથા વિજેતા તરીકે વદરાડ ગામ ની ટીમ નો વિજય થયો હતો આ ટુર્નામેન્ટ મુખ્ય હેતુ સમાજ ના દરેક ગામના યુવાનો એક સાથે ભેગા થાય અને રમે અને યુવાનો એકબીજા ના પરિચય મા આવે અને સમાજ ના યુવાનો માં એકતા વધે તે હેતુ થી આ ટુર્નામેન્ટ નુ આયોજન કરવામા આવ્યુ હતુ આ પ્રસંગે સમાજ ના પ્રમુખ પોપટભાઈ પટેલ, પોગલુ સરપંચ શામળભાઈ પટેલ, સંજયભાઈ પટેલ, ધર્મેશભાઈ પટેલ સહિત સમાજના આગેવાનો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને રનર્સઅપ ટીમ તથા વિજેતા થયેલ ટીમને ટોફી પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રાંતિજ બોખમાં પાણી ઓછુ થતા ૧૫ થી ૨૦ ગામોના ખેડૂતોમાં ચિંતા વધી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ વિશાળ બોખ મા પાણી ઓછુ થતા ૧૫ થી ૨૦ ગામોના ખેડૂતોના ખેતરોમા પણ બોર કુવાઓમા પાણી ડબકા લેતુ થયુ છે. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ માર્કડેશ્વર મહાદેવ પાસે આવેલ વિશાળ બોખમા પાણી ઓછુ થતા આજુબાજુના ૧૫ થી ૨૦ ગામોને તેની અસર થતી જોવા મળેછે અને આજુબાજુમા આવેલ ખેતરો ગામોમા આવેલ બોર કુવાઓમા હાલ પાણી ડબકા લેતુ થયુ છે અને મોટરો બળી જવાની તથા નીચે ઉતારવાના સહિત ના પ્રશ્નો ઉભા થયાછે ત્યારે આ બોખ ભરેલ હોયતો પ્રાંતિજ સહિત લીમલા, કરોલ, કમાલપુર, પીલુધ, વાઘપુર, નવાપુરા, કતપુર સહિત ના ૧૫ થી ૨૦ ગામોના ખેડૂતોની ચિન્તા મા વધારો થયો છે અને તેવોના ખેતરોમા આવેલ બોર કુવાઓમા હાલ પાણી ઉડુ જતા લબાકા લેતુ થયુ છે ત્યારે હજુ ચોમાસાની વાર છે અને અને આમજ રહેશેતો ખેડૂતોના ખેતરમા રહેલ ઉનાળુ પાક ને લઈને ખેડૂતોની ચિન્તા મા વધારો થયો છે.

ડીસાની વરનોડા ફાટક નજીક યુવકની ટ્રેન હેઠળ મોતની છલાંગ

ડીસા તાલુકાની વરનોડા ફાટક પાસે યુવકે ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરતા અરેરાટી મચી જવા પામી હતી. ઘટનાને પગલે ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક રેલવે પોલીસની ટીમને જાણ કરાતા રેલ્વે પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. બનાસકાંઠા જિલ્લામાં આત્મહત્યા તેમજ હત્યાના બનાવોમાં ચિંતાજનક વધારો થઇ ગયો છે ત્યારે આજે વધુ એક યુવકે આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી છે. વરનોડા ફાટક પાસે એક યુવકે ટ્રેન નીચે પડતું મુકીને અકાળે જીવન દોરી ટૂંકાવી દીધી હતી.જેની જાણ થતાં યુવકે ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને મૃતક યુવાનની ઓળખ કરી હતી અને તાત્કાલિક રેલવે પોલીસને જાણ કરાતા રેલવે પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. યુવક મૂળ થરાદ તાલુકાના દેતાલ ગામનો વતની હોવાનું હાલમાં જાણવા મળ્યું છે પરંતુ આ યુવકે ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.તેની આત્મહત્યાનું કારણ જાણવા મળ્યું નથી.પણ આ મુદ્દે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલનપુરમાં એક કરોડના ખર્ચે બનનારા સુખબાગ રોડની સેન્ટર લાઈન માપણીની કામગીરીનો આરંભ

પાલનપુરમાં અંદાજિત એક કરોડના ખર્ચે બનનારા સુખબાગ રોડની સેન્ટર લાઈન માપણીની કામગીરી જમીન દફતર કચેરી દ્વારા શરૂ કરવામાં આવતા સ્થાનિક રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઇ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ અગાઉ સ્થાનિક અરજદારો દ્વારા પાછલા કેટલાક વર્ષોથી રોડ પરના અડચણરૂપ દબાણો હટાવવા માટે વ્યાપક રજૂઆતો કરવામાં આવી હતી. દરમિયાન સર્વે કામગીરી શરૂ થતા વિવાદ વધુ ઘેરો બન્યો છે. જોકે નવીન રોડનું બાંધકામ કરનાર એજન્સીના સૂત્રોએ જણાવ્યું હતું કે સરકારે જે રોડની તાંત્રિક મંજૂરી આપી છે. ત્યાં હયાત જગ્યામાં જ નવો રોડ બનશે, અને હાલમાં સર્વે કામગીરી થઈ રહી છે .તેના લીધે રોડના કાર્યમાં વિલંબ નહિ સર્જાય. જ્યારે જમીન દફતર કચેરીના સૂત્રોએ જણાવ્યું હતું કે સર્વેમાં જે આવશે એ રિપોર્ટ વડી કચેરીએ સબમિટ કરાશે. અને તે બાદ સર્વેમાં જેઓના દબાણો આવશે તેમને નોટિસ આપ્યા બાદ આગળની કામગીરી હાથ ધરાશે.

ડીસાના કુપટ ગામે પોલીસ ઉપર હુમલા મામલે ૮૦ થી વધુ સામે ફરિયાદ

ડીસા નજીક આવેલા કૂંપટ ગામે લગ્નના વરઘોડા બાબતે સર્જાયેલા માથાકૂટ ના પગલે પોલીસ પર હુમલો થયો હોવાની ઘટના સામે આવી છે જે બાબતે પોલીસે ૮૦ થી વધુ ઈસમો સામે દરિયાદ નોંધી તેમને ઝડપી પાડવા ના ચક્રો ગતિમાન કર્યા છે. ડીસા તાલુકાના કૂંપટ ગામે શુક્રવારે વિષ્ણુજી પોપટજી ઠાકોર નામના યુવક લગ્ન હોઈ પરિવારજનો દ્વારા ગામમાં વરઘોડો કાઢવાની તૈયારી કરી હતી જોકે આ લગ્ન માં દરબાર સમાજના લોકોએ વરઘોડો કાઢવાની ના પાડી હતી. તેમ છતાં યુવકે વરઘોડો કાઢતા બે જૂથ વચ્ચે બોલાચાલી થઈ હતી જેના પગલે ડીસા તાલુકા પોલીસ ઘટનાસ્થળે પહોંચી બંને જૂથ ને સમજાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. જોકે તે સમયે અચાનક ટોળાએ પથ્થરમારો કરી હુમલો કર્યો હતો. આ હુમલામાં બંદોબસ્ત માટે આવેલ દાંતીવાડા પી.એસ.આઈ સહિત બે પોલિસ કર્મી ઈજાગ્રસ્ત થયા હતા અને જેના પગલે કૂપટ ગામે તનાવભરી પોલીસ ઉપર થયેલા હુમલા ની જાણ થતાં જ જિલ્લા પોલીસ વડા સહિત પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને વધુ પરિસ્થિતિ ન વણસે તે માટે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો અને આ હુમલા બાબતે તાલુકા પોલીસે ૮૦ થી વધુ ઈસમો સામે ગુનો નોંધી તેમને ઝડપી પાડવા ના ચક્રો ગતિમાન કર્યા છે

૩-૪ વર્ષથી રેકેટ ચાલતું હોવાની દહેશત, જીનર્સો આયકર વિભાગના રડારમાં

સાબરકાંઠાનો શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો અન્ય જિલ્લામાં પહોંચ્યો

ભ્રષ્ટ અધિકારીઓના પાપે કપાસ પકવતા ખેડૂતો પાયમાલ થવાનો ભય

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

સાબરકાંઠામાં ઉત્પાદિત શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર સહિતના અનેક જિલ્લાઓમાં પહોંચ્યાની આશંકા છે. ભ્રષ્ટ અધિકારીઓએ બાતમી મળી પછી પણ સમય વેડફતાં કોઈ ખબરીલાલ દ્વારા જીનર્સોને આગોતરી માહિતી અપાતાં કરોડો રૂપિયાની કિંમતનો બિયારણનો જથ્થો અન્ય જિલ્લામાં પગ કરી ગયાની આશંકા છે. ૩-૪ વર્ષથી પ્રતિબંધિત બિયારણ ઉત્પાદન કરવાનો ધંધો ધમધોકાર ચાલતો હોવાની દહેશત છે. વાહનોની બિલ્ટી મારફતે તપાસ થઈ હોત તો ખેડૂતોને ચોમાસા પહેલાં પાયમાલ થતાં અટકાવી શકાયાં હોત. ચર્ચાતી વાતો મુજબ હવે કેટલાંક જીનર્સો આયકર વિભાગના રડારમાં આવી શકે છે.

છેલ્લા ૧૮ દિવસથી વડાલીની ૪ જીનીંગમાંથી મળી આવેલો શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો ચર્ચામાં છે. સરકારી લેબોરેટરીઓમાં થતા પરીક્ષણ ઉપર પ્રજાને હવે કોઈ ભરોસો રહ્યો નથી જેથી જીનર્સો સેમ્પલમાં પણ લેબોરેટરીમાં બદલાવ કરે તેવી દહેશત ઉભી થઈ છે. લાખો રૂપિયા ફેંકી દઈને પણ જીનર્સને ઉણી આંચ ન આવે તે પ્રકારની ગોઠવણની આશંકા લોકચર્ચામાંથી સાંભળવા મળી છે. જ્યારે મંગળ અને બુધવારે ગાંધીનગરના ચોક્કસ સ્થળે એક બેઠક કરીને મામલો સમેટવાના પ્રયાસ થયા હતા જ્યારે અખબારના અહેવાલ પછી કૃષિ વિભાગ પણ હરકતમાં આવી ગયો છે. જ્યારે લોક ચર્ચા એવી છે કે જી-૪ કપાસના બિયારણનું ઉત્પાદન કરવા ઉપર પાબંધી છે અને આવું બિયારણ ઉત્પાદન કરનાર સામે ગંભીર પગલાં લેવાઈ શકે છે. જ્યારે મલ્ટીનેશનલ બિયારણ કંપનીના જીનની વિગતો કેટલાક જીનર્સ પાસે આવ્યા પછી આ પ્રકારે ગેરકાયદે ઉત્પાદન શરૂ કર્યાના પણ વાવડ છે પરંતુ જે રીતે મામલો એકાએક પ્રકાશમાં આવ્યો અને બમણી ઝડપે દબાવી દેવાના પ્રયાસ થયા તે જોતાં અંદરખાને મોટાપાયે રંધાયાની લોકોની આશંકા અસ્થાને નથી. જ્યારે ભ્રષ્ટ ઉચ્ચ અધિકારીઓ ને કેટલીક મલ્ટીનેશનલ કંપનીઓના સી.ઈ.ઓ. દ્વારા પોતાના ખોળામાં બેસાડી શંકાસ્પદ બિયારણનો જથ્થો વડાલીના જીનર્સના ત્યાંથી સીઝ કરવા માટે ફરજ પાડ્યાની ચર્ચા પણ સચિવાલય વર્તુળોમાં છેલ્લા ૨ દિવસથી ગરમાવો લાવી રહી છે. સાબરકાંઠા જિલ્લામાં જ કપાસના બિયારણનો કરોડોનો કારોબાર છે અને તેમાં શંકાસ્પદ બિયારણના કારણે અનેક કંપનીઓને નુકસાન જઈ રહ્યું છે તો ક્યાંક ધંધાકીય હરિફાઈમાં એકબીજાને પતાવી દેવાના ખેલનો આ એક ભાગ હોવાની સંભાવના વ્યક્ત થઈ છે. છેલ્લા ૨ દિવસથી ૬૫ સેકન્ડના વાયરલ થયેલા વિડીયોએ પણ હલચલ મચાવ્યાનું કાનાફૂંસ કરનારા સૂત્રો જણાવી રહ્યા છે.

જીનર્સો આયકર વિભાગના રડારમાં

છેલ્લા કેટલાંક સમયથી જીનીંગમાં શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો ઝડપાયા પછી જીનર્સોઓએ આવા પ્રતિબંધિત બિયારણો ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં વેચ્યાની આશંકા છે. તાજેતરમાં ટાઈલ્સ ઉત્પાદન કરતી કંપનીના ત્યાં આયકર વિભાગે સર્ચ કરી કરોડો રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. ત્યારે પંકાયેલા જીનર્સોને ત્યાં તપાસ થાય તો ગેરકાયદે કપાસના બિયારણના વેપલાથી એકત્રિત કરેલ સંપત્તિનો પર્દાફાસ થઈ શકે છે. જોકે તમામ જીનર્સને આ આ લાગુ પડતું નથી જેથી કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવી નહિ.

આશ્ચર્ય અનુભવશો નહીં : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તા.૧ જૂને બે લાખ લોકો બર્થ-ડે ઉજવશે

કેક અને ચોકલેટનું ધુમ વેચાણ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

કદાચ આ સમાચાર વાંચી અનેક લોકો ચોંકી ઉઠશે તા.૧ જૂને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના નાનાં ટાબરીયાંથી માંડી યુવાનો અને વૃદ્ધો મળી કુલ દોઢ લાખથી વધુ લોકોએ સવારથી પોતાની બર્થ-ડે ઉજવશે કારણ કે અધિકાંશ લોકોની જન્મ તારીખ ખોટી હોવાનું જાણવા મળેલ છે. વર્ષો અગાઉ શાળામાં મૂકવા માટે બાળકોને તા.૧-૬ ની જન્મ તારીખ નિયત કરાતી અને આજ જન્મ તારીખ એલ.સી.માં પણ આવી જતાં આશ્ચર્ય વચ્ચે જિલ્લામાં બે લાખથી પણ વધુ લોકો દરવર્ષે પોતાની બર્થ-ડે ઉજવી રહ્યા છે. ગુજરાતીમાં કહેવત છે કે તું જન્મ્યો હોઈશ ત્યારે સાચુ રડ્યો નહીં હોય પરંતુ હવે કહેવું પડે કે તારી જન્મ તારીખ પણ સાચી નહીં હોય અને તેમાંય ખાસ કરીને તા.૧ જૂન થી ૧૦જૂન સુધીની જન્મ તારીખ કોઈ કહે તો પ્રથમ તો જન્મ તારીખ બોલનારાની સામે સૌ જોતા હોય છે કારણ કે આ દિવસો લગભગ ખોટી જન્મ તારીખ હોવાના અનેક દાખલા આજે પણ મોજૂદ છે. વર્ષો અગાઉ શાળામાં ભણવા માટે જૂનથી શરૂ થતા નવા શૈક્ષણિક સત્ર દરમ્યાન માસ્તરજી તા.૧ જૂનની જન્મ તારીખ ટપકાવી દેતા હતા. જેથી જિલ્લાના લાખો વિદ્યાર્થીઓ ૧ જૂનની જન્મ તારીખથી દર વર્ષે ૧લી જૂને પોતાનો જન્મ દિવસ ઉજવતા હોય છે. બધાની જન્મ તારીખ ખોટી છે તેવું નથી પરંતુ અનેક લોકોની જન્મ તારીખ સાચી હોવાનું પણ જાણવા મળેલ છે. આજ છેને આશ્ચર્ય પામવા જેવી બાબત. વર્ષો અગાઉ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરે બાળકના જન્મની કોઈ નોંધ થતી ન હતી અને ઘરનો વડીલ પણ સાચી તારીખ લખી રાખવામાં માનતા ન હોવાથી બાળક જ્યારે નિશાળમાં જાય ત્યારે શાળાના મુખ્ય શિક્ષક ૧લી જૂન જન્મ તારીખ શાળાના ચોપડે નોંધી લેતા હતા જેથી આગામી ૧લી જૂને બે લાખથી પણ વધુ લોકોએ પોતાની ખોટી બર્થ-ડે ઉજવી જન્મ દિવસનો આનંદ માણશે.

મોદીજીએ દિશા જ બદલી નાખી....

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૨૮

એની એજ દુનિયા છે અને એનું એજ ભારત છે પણ કોઈ મહાપુરુષ આ જગતને યોગ્ય દિશા ચીંધનાર મળી જાય તો પરિણામ જ બદલાઈ જાય... આ હું નથી કહેતો પણ આપણો ઈતિહાસ કહે છે...'વર્તમાન ભારત અચાનક સિંહ બનીને ઉભરી આવ્યું તે પાછળ મોદીજીનો પરિશ્રમ બોલે છે....'

એક દ્રષ્ટાંત સમજવા જેવું છેઃ 'એક વ્યક્તિ સવારે ઉઠીને પશ્ચિમ તરફ ચાલતો હતો એને પોતાનો પડછાયો બહુ પરેશાન કરતો....પડછાયો એટલે સંતાપ!! પડછાયાથી આ વ્યક્તિ ખૂબ ડરતો, તેમણે એક ઋષિને પોતાની મનોદશા વ્યક્ત કરી... તો ઋષિએ તેને સવારે ઉઠીને પોતાની દિશા બદલીને પૂર્વ તરફ ચાલવાનું સૂચવ્યું... હવે આ વ્યક્તિ સવારે ઉઠીને પશ્ચિમ નહિ પણ પૂર્વ દિશા તરફ ચાલવા લાગ્યો.... હવે તે આગળ અને તેનો પડછાયો પાછળ... પહેલા ઊલટું હતું તે પાછળ ચાલતો અને પડછાયો તેની આગળ ચાલતો!! આ વ્યક્તિ ખૂબ પરેશાન હતો પણ માત્ર દિશા બદલાઈ અને તેનું જીવન પણ બદલાઇ ગયું....અને તે વિશ્વ પ્રસિદ્ધ વ્યક્તિ બનીને રહી ગયો!!' આ વાત એમની છે કે જેમના નામ ઉપરથી 'ભારત' નું નામકરણ થયું છે તે રાજા ભરતની વ્યથા છે!!

મોદીજીની કહાની પણ કંઈક આવી જ છે...એમણે પહેલા ઘર છોડ્યું, પછી પરિવાર અને પછી હિમાલયમાં ચિંતન કર્યું અને પછી રાષ્ટ્રવાદને પકડ્યો અને એવી રીતે તેમણે દેશદાઝ સાથે બીડું ઝડપ્યું કે અવળી દિશામાં ચાલી રહેલી ગાડીને યોગ્ય દિશા આપી...ભારત સહિત પૃથ્વીના પૂર્વ પ્રદેશમાં જે સંસ્કૃતિ અને વિચારધારા છે તેને મોદીજીએ સ્વીકારી અને તેનું મનોમંથન ગંભીરતાથી કર્યું... વર્તમાન યુગમાં લોકોને પશ્ચિમી સભ્યતાનું ઘેલું લાગ્યું હતું તેવા ભારતને મોદીજીએ પશ્ચિમને બદલે પૂર્વની વાટ પકડવાનું તેમની કાર્ય પદ્ધતિથી નિર્દેશ આપ્યો.... 'મોદીજી પશ્ચિમ તરફ મોં ફેરવીને ચાલી રહેલા લોકો પૂર્વ તરફ U-ટર્ન મારીને દિશા બદલે તે માટે ભરપૂર પ્રયાસ કરી રહ્યા છે... તેમની કાર્ય પદ્ધતિ, સોચ-વિચાર પૂર્વની સભ્યતા પ્રસ્થાપિત કરવાના રહ્યા છે તે બારીકાઈથી અવલોકન કરવાથી સ્પષ્ટ માલુમ પડી જાય...

મોદીજીએ પશ્ચિમ તરફ દોડતા લોકોને રોક્યા, સમજાવ્યા અને સાબિતી પણ આપી છે અને ભારતીય સંસ્કૃતિનું મહ્ત્વ પણ સમજાવ્યું છે તે મને અરવલ્લી જિલ્લાના ખુણામાં રહેલા મારા નાનકડા ગામ માંથી સ્પષ્ટ દષ્ટિપાત થઈ રહ્યું છે... મોદીજીને આજના યુવાનના હાથમાં કમ્પ્યુટર પણ જોઈએ છે તો બીજા હાથમાં વેદ પણ જોઈએ છે... મોદીજીને પાયથાગોરસની ત્રિકોણમિતિ પણ જોઈએ છે પણ સાથે સાથે ગીતા જ્ઞાન વાળા વેદ વ્યાસ પણ એટલાજ જોઈએ છે!! 'મોદીજી ઈચ્છે છે કે ભારતના યુવાનો પશ્ચિમને ભલે આવકારે પણ ભારતીય સભ્યતાને પણ ના ભૂલે!!' લોકશાહીની વ્યાખ્યા અબ્રાહમ લિંકને આપી તેના કરતા હજારો વર્ષ પૂર્વે ગુરુ વશિષ્ટ દ્વારા અપાઈ હતી તે પણ ભારત જાણતું હોવુ જોઈએ તે મોદીજી ઈચ્છે છે!! અદ્યતન ટેક્નિલોજી વાળી બુલેટ ટ્રેન પણ હોય પણ સાથે સાથે પર્યાવરણથી ભરપૂર એવું ભારત હોય તે મોદી વિઝન છે!!!

મોદીજીએ પશ્ચિમ દિશા તરફ એકતરફી ચાલી રહેલા ગાડરિયા પ્રવાહને નવી દિશા બતાવીને તેમની કાર્યશૈલી દ્વારા સુચવ્યું છે કે તમે પશ્ચિમ દિશાને ભૂલી જશો એટલું સુખ, સમૃદ્ધિ અને જ્ઞાન પૂર્વમાં પડેલું છે!!! આજનું વિશ્વ મોદીજીની આ સૂચક વાતોને ગંભીરતાથી લઈને યુ ટર્ન મારી પૂર્વ તરફ ચાલવા લાગ્યું છે એ મોદીજીની વૈશ્વિક જીત છે... 'આ મોદીજી 'નરેન્દ્ર' નહિ પણ વિશ્વનો 'ઈન્દ્ર' છે તેવુ લખીશ તો તે ખોટું નથી...' આમેય હું તો થર્ડ અપાયર છું, મારો અભિપ્રાય હોય... નીર્ણય તો આપનો જ હોય કારણ કે ભારતના રાજકારણના આપ સૌ ગ્રાઉન્ડ અમ્પાયર છો....

અરવલ્લી : ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન પર મોડાસામાં બીજેપી આર્થિક સેલ દ્વારા પરિચર્ચા કાર્યક્રમ રવિવારે યોજાશે

મોડાસા, તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ડાકલા વાગી રહ્યા છે ભાજપ ૧૫૦ વિધાનસભા બેઠકો શરૂ થયો છે અરવલ્લી જીલ્લાની ત્રણે વિધાનસભા બેઠકો પર કોંગ્રેસનો દબદબો છે ત્યારે ભાજપે ત્રણે બેઠકો કોંગ્રેસ પાસેથી આંચકી

પર કબ્જો કરવા તાડામાર તૈયારીઓ અને એડીચોટીનું જોર લગાવી રહ્યું છે અને કમલમ સહીત સમગ્ર રાજ્યમાં સતત ચૂંટણી લક્ષી બેઠકોનો ધમધમાટ લેવા તાડામાર તૈયારીઓ હાથધરી છે જીલ્લામાં વિવિધ મોરચા અને સેલ પણ સક્રિય થયા છે ત્યારે જીલ્લા આર્થિક સેલ દ્વારા મોડાસાની સહયોગ ચોકડી નજીક આવેલ હોટલમાં ગુજરાત ભારતનું ગ્રોથ એન્જીન પર પરિચર્ચા કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. મોડાસા શહેરના સહયોગ બાયપાસ ચોકડી નજીક આવેલી ખાનગી હોટલ ખાતે રવિવારે ગુજરાત ભારતનું ગ્રોથ એંજીન પર પરિચર્ચા યોજવામાં આવી છે જેમાં મુખ્ય વ્યક્તા તરીકે પૂર્વ સંયોજક બૌદ્ધિક સેલ ગુજરાત પ્રદેશના જયેશ વ્યાસ ઉપસ્થિત રહેશે તેમ આર્થિક સેલના સંયોજક કમલેશ પટેલે જણાવ્યું હતું આ કાર્યક્રમમાં જીલ્લા પ્રમુખ રાજેન્દ્ર પટેલ અને જીલ્લા મહામંત્રી અને આ જીલ્લાના બુદ્ધજીવી લોકો પણ ઉપસ્થીત રહેશે તેમ આર્થિક સેલના સહ સંયોજક હર્ષદ દોષીએ માહિતી આપી હતી

અરવલ્લી : DLSS ગ્રાઉન્ડ ખાતે રાજ્યકક્ષાની હોકી સ્પર્ધામાં જામનગર ગર્લ્સની ટીમએ બાજી મારી ગોલ્ડ મેળવ્યો

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આયોજિત હોકી ખેલ મહાકુંભની ગર્લ્સની ફાઈન મેચ યોજાઈ, જેમાં બ્રોન્ઝ નવસારી, સિલ્વર પાટણ તેમજ ગોલ્ડ મેડલ જામનગરની ટીમ એ મેળવ્યો હતો. તમામ ખેલાડીઓને રાજ્ય સરકાર દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા અને મેડલ આપીને સન્માનિત કરાયા હતા. મોડાસાના ડીએલએસએસ હોકી ગ્રાઉન્ડ ખાતે ખેલાડીઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં જિલ્લા કલેક્ટર ડો.નરેન્દ્રકુમાર મીણા, મોડાસા પ્રાંત અધિકારી અમિતકુમાર પરમાર, મોડાસા નગર પાલિકાના પ્રમુખ જલ્પાબહેન ભાવસાર, ધારાસભ્ય જશુભાઈ પટેલ, તેમજ એસોસિએશનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ૨૫ મે ૨૦૨૨ થી શરૂ થયેલ રાજ્ય કક્ષાની હોકી સ્પર્ધામાં અલગ - અલગ જિલ્લામાંથી હોકીના ખેલાડીઓ પહોંચ્યા હતા, આ માટે જિલ્લા રમત વિકાસ કચેરી દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી આ કાર્યક્રમ સફળ બન્યો હતો. આગામી ૨૯ મે સુધી ચાલનારા હોકી ખેલમહાકુંભમાં ખેલાડીઓનો ઉત્સાવહ વધારવા જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા રમત - ગમત વિભાગ અને જિલ્લા રમત વિકાસ કચેરી દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

ડિએલએસએસ ખાતે આયોજિત ખેલમહાકુંભની સ્પર્ધામાં જિલ્લા કલેક્ટર ડોક્ટર નરેન્દ્રકુમાર મીણા તેમજ ધારાસભ્ય જશુભાઈ પટેલ, પાલિકા પ્રમુખ જલ્પાબહેન ભાવસાર તેમજ જિલ્લા રમત-ગમત અધિકારી હર્ષાબહેન ઠાકોર, જિલ્લા રમત વિકાસ અધિકારી મઝહર સુથાર દ્વારા હોકી લીગ મેચનો પ્રારંભ કરાવવામાં હતો.

પાલનપુરમાં સ્વામીનારાયણ શતાબ્દી મહોત્સવના પ્રારંભે પ્રવચનમાળામાં હરિભક્તોનું ઘોડાપુર....

નાનામાં નાનું વર્તન અભિગમ શબ્દ બાળકોના માનસ પર રજીસ્ટ્રેશન થાય છે : જ્ઞાન વત્સલ સ્વામીએ પારાયણમાં પરિવારનું મહત્વ સમજાવ્યુંઃ કહ્યું પરિવારના સભ્યોને સમજીને વર્તીએ, ઘરના વાતાવરણની અસર એમના સંસ્કારો પર પડશે જ, ઘરમાં બાળક જે જોશે એ જ શકશે

પાલનપુર તા. ૨૮

બનાસકાંઠાના જિલ્લા વડા મથક પાલનપુર ખાતે અમદાવાદ હાઈવે ઉપર આવેલ એક વિશાળ મેદાનમાં પૂજ્ય સ્વામિનારાયણ ભગવાનના સંપ્રદાયના પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી જીવન જીવવાની કળા વિશે તેમની જન્મશતાબ્દી પર્વ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામી અને પૂજ્ય અપૂર્વમુની સ્વામી ને પ્રવચનમાળા નો ભવ્ય શુભારંભ થઈ ગયો.

જેમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લાના હરિભક્તોનું ઘોડાપુર ઉમટી રહ્યા છે.પરિવારમાં શાંતિ રહે તે માટે પૂ. ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીએ પરિવાર માં શાંતિ તો જ રહેશે જો દરેક સભ્યો સહન કરશે, સ્વીકારશે, જતુ કરશે , સાનુકૂળ થશે તેમજ તેઓએ વ્યસન કેવી રીતે પરિવારનો સંપ તોડે છે તેની વાત કરી હતી. આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,આ પારાયણમાં હજારોની સંખ્યામાં શ્રોતાઓએ પ્રથમ દિવસે લાભ લીધો હતો. આ પ્રવચનમાળા ૨૯ તારીખ સુધી ઉમિયાધામ -ઉમાં, તિરૂપતિ ઉમા બાંગ્લોઝ પાસે, રામજી નગર રોડ પર ચાલશે છે. જેમાં પૂ. ડો. જ્ઞાનવત્સલ સ્વામી તેમજ પૂ. અપૂર્વ મુની સ્વામી પ્રવચન આપશે.

સ્વામી જ્ઞાનવત્સલજીએ જણાવ્યું કે 'એક જ રૂમમાં જમ્યા પછી બધા મોબાઈલ પર હોય. એકબીજા સાથે નહીં પણ અલગ અલગ કનેક્ટ હોય. આ વાસ્તવિક સ્થિતિ છે. પારિવારિક જીવન મૂલ્યોની જવાબદારી છે કે પરિવારને સમય આપીએ, જવાબદારી રાખીએ. જો આ જવાબદારી લીધી હશે તો દરેક સભ્યને સારી રીતે સમજી શકીશું અને તેને સ્વીકારી શકીશું. પરિવારના સભ્યોની આપણે ધારણા કરી લીધી હોય ઈચ્છાઓ આકાંક્ષાઓ મહત્વકાંક્ષાઓ બધું આપણે જાણવું પડે. સમય કાઢીને તેમની પાસે બેસવું પડે. સભ્યોને સાહજીક સ્વીકાર કરીએ એ આનંદની વાત છે પણ એમને સમજવા એ ખૂબ જરૂરી છે. કયા સમયે કયા પ્રસંગે કેવો રિસ્પોન્સ આપશે અને કેવું રિએક્ટ કરશે એ તમને ખ્યાલ નહીં આવે અને પરિવારમાં નાના કે મોટા પ્રસંગે નાની મોટી ફરિયાદ કે પ્રશ્નો સર્જાવાની શક્યતા છે. પરિવારના સભ્યોને સમજી વર્તી વ્યવહાર રાખવું જરૂરી છે.આપણા વૃદ્ધ માતા-પિતાની ઈચ્છા પૂરી કરીએ છીએ કે નહીં જો તમે એવું નહીં કરતા હો તો ૨૫ વર્ષ પછીની સ્થિતિ સમજી લેજો કે બાળકોએ ઘરમાં કેવો માહોલ જોયો છે સેવા અને સંસ્કારની વાતો બાળકોને કરવી જ પડે.સંતાનોની હાજરીમાં પતિ-પત્નીની પરસ્પર લડવા થી બાળકો પર વિપરીત અસર પડે છે આપણું નાનામાં નાનો વર્તન અભિગમ શબ્દ બાળકોના માનસ પટ પર રજીસ્ટ્રેશન થાય છે સંતાનોને તમે જ આદર્શ બનાવી શકો છો. સત્ય અહિંસા પ્રેમ કરુણા નિસ્વાર્થ ભાવના જેવા ગુણો બાળકોમાં આવે તે માટે તેમને શીખવવું પડે તો જ એમનામાં સંસ્કારો પ્રાપ્ત થશે.